# ‘કિંગ’ શાહરૂખ ખાન દહેશત ઊભી કરી રહ્યો છે?

ફિલ્મ ટી.વી

રાકેશ ઠક્કર

બોલિવૂડના અસલી ‘કિંગ’ શાહરૂખ ખાને ૨૪ ડિસેમ્બરના રોજ પોતાની મેગા એક્શન ફિલ્મ ‘કિંગ’ની જાહેરાત કરીને આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ધૂમ મચાવી દીધી છે. ફિલ્મનું જે ટીઝર આવ્યું છે તેને જોતા એવું લાગે છે કે શાહરૂખ ફરી એક વાર બોક્સ ઓફિસને હલાવવા માટે તૈયાર છે. શાહરૂખનો લુક અત્યંત ખૌફનાક અને અલગ છે. લોહીલુહાણ ચહેરો, લાંબા વાળ અને આંખોમાં એક અજીબ ઝનૂન છે. આ ફિલ્મ ‘પઠાણ’ના ૩ વર્ષ પૂરાં થવાના અવસરે જાહેર કરવામાં આવી છે. નિર્દેશક સિધ્ધાર્થ આનંદ અને શાહરૂખના જોડાણને ફરી એક વાર તે પડદા પર લાવશે. ટીઝરના ‘ડર નહીં, દહેશત હું!’ સંવાદે સૌથી વધુ ચર્ચા જગાવી છે. શાહરૂખના મોઢે આ લાઈન સાંભળીને ફેન્સને ‘બાઝીગર’ અને ‘ડોન’ વાળા તેના જૂના દિવસો યાદ આવી ગયા છે. ફિલ્મમાં શાહરૂખની પુત્રી સુહાના ખાન પણ ડેબ્યુ કરી રહી છે. તેની સાથે અભિષેક, દીપિકા અને જયદીપ જેવા મોટા કલાકારો પણ જોવા મળશે. શાહરૂખની આ જાહેરાત એક ફિલ્મની રજૂઆત નથી પણ બોક્સ ઓફિસ પર એક મોટો ચક્રવાત છે. વર્ષ ૨૦૨૬માં ઘણી મોટી ફિલ્મો લાઈનમાં છે પણ ક્રિસમસના વીકએન્ડ પર શાહરૂખનું આવવું બીજી ફિલ્મો માટે ચોક્કસપણે ચિંતાનો વિષય બની શકે છે. ખાસ કરીને જે ફિલ્મો ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં અથવા જાન્યુઆરીની શરૂઆતમાં આવવાની તૈયારીમાં હતી તેમને પોતાની તારીખમાં ફેરફાર કરવો પડી શકે છે. હોલિવૂડની ‘એવેન્જર્સ: ડૂમ્સડે’ જેવી ફિલ્મો આ જ ગાળામાં છે. શાહરૂખનો ક્રેઝ જોતા ભારતીય બજારમાં તેને ટક્કર આપવી મુશ્કેલ છે. સામાન્ય રીતે ફિલ્મોમાં વિલનથી ડર લાગતો હોય છે. અહીં હીરો પોતે જ કહે છે કે ‘ડર નહીં, દહેશત હું!’ આ એક સંવાદ જ અન્ય ફિલ્મો માટે ચેતવણી સમાન છે. ૨૦૨૬ના ક્રિસમસ પર ‘કિંગ’ નક્કી થતા જ બોલિવૂડનું સમીકરણ બદલાઈ ગયું છે. મેડોક ફિલ્મ્સની ‘શક્તિ શાલિની’ આ જ તારીખે છે પણ શાહરૂખના આ અવતાર સામે ટકી રહેવું એ કોઈ પણ માટે લોઢાના ચણા ચાવવા જેવું હશે. ‘પઠાણ’ અને ‘જવાન’ ની સફળતા પછી શાહરૂખ હવે એવી અવસ્થામાં છે જ્યાં માત્ર કમાણી નથી કરતો પણ આખા બોક્સ ઓફિસ પર રાજ કરે છે. શાહરૂખે જે રીતે પોતાની પુત્રી સુહાનાને લોન્ચ કરવા માટે મજબૂત પ્લેટફોર્મ તૈયાર કર્યું છે તે જોતા એવું લાગે છે કે તે કોઈ પણ ટક્કરથી ડરવાને બદલે તેનો સામનો કરવા માટે પૂરેપૂરો તૈયાર છે. શાહરૂખનો ડાર્ક અને રૉ લુક સાબિત કરે છે કે તે ફરી બોક્સ ઓફિસ પર પોતાનું સામ્રાજ્ય સ્થાપવા જઈ રહ્યો છે અને તેની આ દહેશત અન્ય ફિલ્મોના ધંધા માટે ખરેખર જોખમી સાબિત થઈ શકે છે.●




# શું અરિજિત સિંહના અવાજનો અતિરેક થઈ ગયો હતો?

બોલિવૂડ ગીતોમાંથી ગાયક અરિજિત સિંહની નિવૃત્તિના સમાચાર સંગીત જગતમાં એક મોટો આંચકો બનીને આવ્યા છે. આ નિર્ણય પાછળ તેની પોતાની માનસિક શાંતિ અને કલા પ્રત્યેનો અલગ દ્રષ્ટિકોણ જવાબદાર ગણાય છે. છેલ્લા એક દાયકાથી બોલિવૂડના દરેક બીજા ગીતમાં અરિજિતનો અવાજ ગુંજતો હતો. એ કારણે તેને લાગતું હતું કે તેના અવાજનો અતિરેક થઈ રહ્યો છે. તેને ડર હતો કે લોકો તેના અવાજથી કંટાળી ન જાય. અરિજિત હંમેશાંથી લાઈમલાઈટથી દૂર રહેનારો કલાકાર રહ્યો છે. આ નિર્ણય એકાએક નથી પરંતુ ગીતોની પસંદગીમાં લાવવામાં આવેલી ધીમી લગામનું અંતિમ પરિણામ છે. બોલિવૂડ ગાયન માટે આ ખોટ પૂરી શકાય તેવી નથી. આજે એવો કોઈ સુપરસ્ટાર નથી જેના માટે અરિજિતે હિટ ગીતો ન આપ્યાં હોય. રોમેન્ટિક ગીતો હોય કે દર્દભર્યાં ગીતો અરિજિત એક બ્રાન્ડ બની ગયો હતો. અરિજિત જે ઊંડાણ અને ભાવ ગીતોમાં રેડતો હતો તેની ખોટ લાંબા સમય સુધી વર્તાશે. જે હીરો પડદા પર પ્રેમ કરે છે અથવા પ્રેમમાં નિષ્ફળ જાય છે તે દરેક માટે અરિજિત એક અદ્રશ્ય શક્તિ હતો. હવે આ હીરોએ પડદા પર રોમાન્સ કરવા માટે કોઈ નવો અવાજનો સાથી શોધવો પડશે. જે અરિજિત જેટલો ઊંડો અને ભાવુક હોય એ મળવો ખરેખર અઘરો છે. તેની કારકિર્દી પર આ નિર્ણયની નકારાત્મક અસર થવાની શક્યતા ઓછી છે. હવે તે કોઈ ગીત ગાશે ત્યારે તેની કિંમત અને આતુરતા અનેકગણી વધી જશે. અરિજિત હવે સ્વતંત્ર સંગીત અને લાઈવ કોન્સર્ટ પર વધુ ધ્યાન આપશે. તેની પાસે વિશાળ ચાહકવર્ગ છે જે તેને ફિલ્મો વગર પણ સાંભળશે. અરિજિતનાં ગીતોની યાદી બનાવવી એટલે સમુદ્રમાંથી મોતી શોધવા જેવું અઘરું કામ છે પણ યુટ્યુબના આંકડા, લોકપ્રિયતા અને લોકોના દિલ પરની અસરને જોતા ‘તુમ હી હો’ ગીત વગર અરિજિતની ઓળખ અધૂરી છે. ‘એ દિલ હૈ મુશ્કિલ’ ગીતમાં અરિજિતે જે રીતે પીડા અને પ્રેમનું મિશ્રણ કર્યું છે તે કરોડો લોકોએ વારંવાર સાંભળ્યું છે. રણબીર કપૂરનો ચહેરો અને અરિજિતનો અવાજ અહીં એકાકાર થઈ ગયા હતા. ‘બ્રહ્માસ્ત્ર’ ના ‘કેસરિયા’ના અબજોમાં વ્યૂઝ છે. આ ગીતે સાબિત કર્યું કે અરિજિત માત્ર દુ:ખદ ગીતો જ નહીં ઉજવણીનાં ગીતોમાં પણ એટલો જ પાવરફુલ છે. ‘ફિર ભી તુમકો ચાહુંગા’ ગીતે યુટ્યુબ પર જે રીતે લાંબો સમય સુધી ટ્રેન્ડિંગમાં સ્થાન જાળવી રાખ્યું હતું તે અદભુત છે. અરિજિતનાં આ ગીતો માત્ર સંગીત નથી પણ યુટ્યુબ પર લાખો લોકો માટે એક થેરાપી જેવું કામ કરે છે. તેની નિવૃત્તિ પછી પણ આવાં ગીતો સંગીત પ્રેમીઓના પ્લેલિસ્ટમાં ટોચ પર રહેશે.●



# અરિજિત સિંહઃ માત્ર અવાજ નહીં, હૃદયની વેદના...




જ્યારે શબ્દો ખૂટે છે, ત્યારે અરિજિતનો અવાજ શરૂ થાય છે. બોલિવૂડની ચમક-દમક પાછળ છોડીને, પોતાના વતનની માટી અને શુદ્ધ સંગીતની સાધના તરફ વળેલા આ કલાકારની સફર હૃદયને ભીંજવી દે તેવી છે. કહેવાય છે કે સંગીત ઈશ્વરની ભાષા છે અને જો એ સાચું હોય તો અરિજિત સિંહ તેનો સૌથી પ્રિય હશે. અરિજિતના અવાજમાં એક એવી ‘દવા’ છે, જે સાંભળનારના હૃદયમાં પડેલી તિરાડને ભરી દેવાની શક્તિ ધરાવે છે. તેના અવાજમાં માત્ર સૂર નથી પણ એક એવી વેદના છે જે આપણને આપણી પોતાની જ લાગણીઓ સાથે ફરી મુલાકાત કરાવે છે, જ્યારે તે ગાય છે ત્યારે એવું લાગે છે કે તે કોઈ સ્ટુડિયોમાં નહીં પણ આપણી બાજુમાં બેસીને આપણા જ વિરહ કે પ્રેમની વાતો કરી રહ્યો છે. આ જ તેની સૌથી મોટી શક્તિ છે, સંવેદનાની પરાકાષ્ઠા.

અરિજિત હવે ધીમે ધીમે બોલિવૂડના એ ‘મશીની’ સંગીતથી દૂર થઈ રહ્યો છે. બોલિવૂડમાં ગાયક ઘણી વાર ફિલ્મની સ્ક્રિપ્ટ અને હીરોના ચહેરાનો કેદી બની જાય છે પણ અરિજિત તો એક આઝાદ પંખી છે. તેને હવે એવાં ગીતો નથી ગાવાં જે માત્ર ‘હિટ’ થાય, તેને તો એવા સૂર રેલાવવા છે જે ‘અમર’ થઈ જાય. મુંબઈની ઝાકમઝોળ અને લાઈમલાઈટ છોડીને પોતાના નાના ગામ જીયાગંજ (પશ્ચિમ બંગાળ)માં જઈને રહેવું, તે સાબિત કરે છે કે તેના માટે સંગીત એ કોઈ ‘પ્રોડક્ટ’ નથી, પણ એક તપસ્યા છે. તે સ્કૂટર પર ફરે છે, સામાન્ય લોકોની જેમ જીવે છે કારણ કે તેને ખબર છે કે સાચા સૂર તો માટીની સુગંધમાં જ છુપાયેલા છે.

અરિજિત સિંહની સફર કોઈ પરીકથા જેવી સરળ નહોતી. ૨૦૦૫માં રિયાલિટી શો ‘ફેમ ગુરુકુલ’માં જ્યારે તે ટોપ-5માંથી બહાર ફેંકાયો ત્યારે તેની આંખોમાં આંસુ હતાં પણ મનમાં હાર સ્વીકારવાની જીદ નહોતી. ઘણાને યાદ નહીં હોય પણ તે શો હાર્યા પછી તેણે વર્ષો સુધી મુંબઈમાં એક સામાન્ય સંગીતકારના આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું. ‘તુમ હી હો’ના જાદુ પહેલાંના એ સંઘર્ષનાં વર્ષોએ તેને શીખવ્યું કે પ્રસિદ્ધિ એ પરપોટા જેવી છે, જ્યારે ‘રિયાઝ’ અને ‘ધૈર્ય’ એ કાયમી સાથી છે. તેના અવાજમાં જે ઠરેલપણું છે, તે હકીકતમાં આ જ વર્ષોના એકાંત અને મહેનતની દેન છે.

મુંબઈના ગ્લેમરથી દૂર, પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાનું એક નાનું શહેર એટલે ‘જીયાગંજ’. અહીં અરિજિત કોઈ સુપરસ્ટાર નથી. તે અહીં એક પિતા છે જે પોતાનાં સંતાનોને સ્કૂલે લેવા માટે સાધારણ સ્કૂટર પર જાય છે. તે એક પાડોશી છે જે સ્થાનિક દુકાને કરિયાણું લેવા લાઈનમાં ઊભો રહે છે. એક કિસ્સો ખૂબ જાણીતો છે - જ્યારે લોકો તેને ઓળખી જાય અને ફોટો પડાવવા પડાપડી કરે ત્યારે તે નમ્રતાથી સ્મિત આપીને કહે છે, ‘‘ભાઈ, હું પણ તમારા જેવો જ એક માણસ છું, મને મારું કામ (સંગીત) કરવા દો.’’ તેની આ સાદગી કોઈ દેખાડો નથી પણ તેની ફિલોસોફી છે. તે માને છે કે જો તે સામાન્ય લોકોની વચ્ચે નહીં રહે તો તે સામાન્ય લોકોની વેદનાને પોતાના અવાજમાં કેવી રીતે વણી શકશે?

અરિજિતની અંગત જિંદગીનું સૌથી સુંદર પાસું તેનું સામાજિક કાર્ય છે, જેનો તે ક્યારેય પ્રચાર કરતો નથી. તેણે જીયાગંજમાં ‘ઓરીકો’ નામની એક સંસ્થા શરૂ કરી છે. આ સંસ્થા દ્વારા તે ગરીબ બાળકોનાં શિક્ષણ, આરોગ્ય અને રમતગમત પાછળ લાખો રૂપિયા ખર્ચે છે. કોરોનાકાળમાં આખો દેશ મુશ્કેલીમાં હતો, ત્યારે અરિજિતે ગુપ્ત રીતે ઓક્સિજન પ્લાન્ટ્સ અને મેડિકલ સાધનોની વ્યવસ્થા કરી હતી. તેના માટે સંગીતથી થતી કમાણી એ માત્ર સંપત્તિ નથી પણ બીજાનાં આંસુ લૂછવાનું સાધન છે. અરિજિત સિંહે તેના બાળપણની મિત્ર કોયલ રોય સાથે લગ્ન કર્યા છે. આ લગ્ન પણ અત્યંત સાદગીથી, કોઈ પણ જાતના દેખાડા વગર મંદિરમાં થયા હતા. કોયલ તેની તાકાત છે. તે અરિજિતને જમીન સાથે જોડી રાખવામાં મદદ કરે છે. એક એવો કલાકાર જે સ્ટેજ પર હજારોની મેદનીને નચાવી શકે છે, તે ઘરે જઈને એક સામાન્ય ફેમિલી મેન બની જાય છે. તે લાઈમલાઈટ અને એવોર્ડ ફંક્શન્સમાં જવાનું ટાળે છે કારણ કે તેના માટે ‘પરિવાર’ અને ‘રિયાઝ’ જ સર્વોપરી છે.

**અરિજિત એ અવાજ છે જે આપણને આપણા એકાંતમાં સાથ આપે છે. તે એ દોસ્ત છે જેની પાસે આપણે રડી શકીએ છીએ. હવે આપણને અરિજિતનો એ અવાજ સાંભળવા મળશે, જેમાં કોઈ ડિરેક્ટરની સૂચના નહીં પણ માત્ર તેના આત્માનો અવાજ હશે**

અરિજિત સિંહ એ દુર્લભ કલાકારોમાંનો એક છે જે ‘અદ્રશ્ય’ રહેવાનું પસંદ કરે છે. તે નથી ઈચ્છતો કે લોકો તેની લાઈફસ્ટાઈલની ચર્ચા કરે, તે ઈચ્છે છે કે લોકો તેના સૂરની ઊંડાઈમાં ઊતરે.

જ્યારે તે કહે છે કે તે બોલિવૂડ છોડી રહ્યો છે ત્યારે તેનો અર્થ એ નથી કે તે ગાવાનું બંધ કરી રહ્યો છે. તેનો અર્થ એ છે કે તે હવે એવા સ્તર પર પહોંચ્યો છે જ્યાં તે ‘સફળતા’ અને ‘સાર્થકતા’ વચ્ચેનો તફાવત સમજી ગયો છે. તે હવે ગીતો ગાઈને હીરોને ફેમસ નથી કરવા માગતો પણ એવા અવાજો રેલાવવા માગે છે જે પૃથ્વીના છેલ્લા ખૂણે બેઠેલા ઉદાસ માનવીને પણ એમ કહે કે - હું તારી સાથે છું.

અરિજિતના ગીતોમાં એક અનોખી ઉદાસીનો આનંદ છે. તેના અવાજમાં જે ભારેપણું છે, તે હૃદયના ભારને હળવો કરે છે. અરિજિત હવે સંગીતની એક એવી દુનિયા તરફ આગળ વધી રહ્યો છે જ્યાં માત્ર ઘોંઘાટ નથી પણ ઊંડાણ છે. તેના લાઈવ કોન્સર્ટ્સ હવે માત્ર શો નથી રહ્યા પણ એક આધ્યાત્મિક સફર બની ગયા છે. સ્ટેજ પર તે જ્યારે કલાકો સુધી પોતાની ધૂનમાં ખોવાયેલો હોય છે ત્યારે હજારોની મેદની હોવા છતાં એક અજીબ શાંતિનો અનુભવ થાય છે. તે સાબિત કરે છે કે સંગીતનો સાચો હેતુ મનોરંજન નહીં પણ મનનું મિલન છે. અરિજિતનો અવાજ એ મલમ છે, જે આપણને કહે છે કે - રડવું એ નબળાઈ નથી પણ પ્રેમની પવિત્રતા છે. અરિજિત હવે બંગાળી લોકસંગીત, રવીન્દ્ર સંગીત અને સ્વતંત્ર રચનાઓ તરફ વધુ વળ્યો છે. આ તેનાં મૂળિયાં પ્રત્યેનો પ્રેમ છે. બોલિવૂડની ‘પરફેક્શન’વાળી દુનિયામાં તે પોતાના અવાજની કુદરતી ખામીઓને પણ સુંદરતા માને છે. તેનાં ગીતોમાં ફૂટીફૂટીને ભરેલી લાગણીઓ આપણને આધુનિકતાના ખોટા આભાસમાંથી બહાર લાવે છે. તેના અવાજમાં જે આર્દ્રતા (ભીનાશ) છે, તે અત્યારના કૃત્રિમ સંગીતના યુગમાં એક મીઠા ઝરણા જેવી છે. તે ગાય છે ત્યારે લાગે છે કે જાણે કોઈ જૂની યાદ તાજી થઈ રહી છે, કોઈ જૂનો ઘા ફરીથી રૂઝાઈ રહ્યો છે. અરિજિત સિંહનું બોલિવૂડથી દૂર જવું એ હકીકતમાં તેના સંગીતના વિરાટ સ્વરૂપનો પ્રારંભ છે. તે હવે એવા શિખર પર છે, જ્યાં તેને કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી. તે હવે માત્ર પોતાના માટે અને પોતાના ‘ઈશ્વર’ માટે ગાઈ રહ્યો છે.

અરિજિત એ અવાજ છે જે આપણને આપણા એકાંતમાં સાથ આપે છે. તે એ દોસ્ત છે જેની પાસે આપણે રડી શકીએ છીએ. તેની આ નવી સફર, જેમાં તે બોલિવૂડની બજારુ જરૂરિયાતોથી મુક્ત થઈ રહ્યો છે, તે ભારતીય સંગીતજગત માટે એક આશીર્વાદ છે. હવે આપણને અરિજિતનો એ અવાજ સાંભળવા મળશે, જેમાં કોઈ ડિરેક્ટરની સૂચના નહીં પણ




# માફી માંગવી જોઈએ પણ

આંખની અટારી

★ હેમુ ભીખુ

‘માફી’ શબ્દ માત્ર ભાષાની એક ઘટના નથી, પરંતુ તે સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, નૈતિકતા, પારદર્શિતા અને આધ્યાત્મિકતા સાથે સંકળાયેલી ઘટના છે. તે માત્ર શબ્દનું ઉચ્ચારણ નથી, પરંતુ સાત્વિક ભાવનાત્મક અભિવ્યક્તિ છે. માફી માંગવી એ યાંત્રિક બાબત નથી, પરંતુ અંતરના ઊંડાણમાંથી ઉદ્ભવતી વિશેષતા છે. માફી એ નિવેડો લાવવાની પ્રક્રિયા નથી પરંતુ ભવિષ્ય માટે સકારાત્મક સ્થિતિ સ્થાપિત કરવાની સંભાવના છે. માફી એટલે અન્ય વિશે થઈ ગયેલી ભૂલ કે નુકસાન કે અનિયંત્રિત વર્તન કે અયોગ્ય વ્યવહાર માટેની જવાબદારી સ્વીકારી, તેનાં માટે દુ:ખ તેમજ દિલસોજી વ્યક્ત કરી, તેને સુધારવા માટે હૃદયપૂર્વક વ્યક્ત કરવામાં આવેલી ઈચ્છા. અહીં દોષની સ્વીકૃતિ છે અને સુધારાપૂર્વકના પરિવર્તન માટે પ્રતિબદ્ધતા છે, પણ આ માફી માગવાની પ્રક્રિયા જ્યારે આદત બની જાય, એક રીતે છટકબારી બની જાય કે અન્યને મૂરખ ગણવાની પ્રેરણા આપે ત્યારે માફી કલુષિત ઘટના બની રહે. માફી શબ્દોમાં નહીં, ભાવમાં રહેલી હોય, તેમાં શાંત, નમ્ર અને સાત્વિક પ્રસ્તુતિ હોય.

જ્યારે કોઈને આપણાં વિચાર-વાણી-વર્તનથી દુ:ખ થયું હોય, કોઈને ભાવનાત્મક ઠેસ પહોંચી હોય, જાણતાં કે અજાણતાં ભૂલ થઈ ગઈ હોય કે વિશ્વાસને હાનિ પહોંચી હોય, ખાતરી અપાયેલ બાબતનું પાલન ન થયું હોય, આપણે કારણે ક્યાંક સામાજિક અસંતુલન ઊભું થયું હોય, અહંકારમાં કે પ્રાયોજિત ઉદ્દેશ્ય સાથે કોઈનું અપમાન કરાયું હોય, જાણ હોવાં છતાં ખોટી વાતો સ્થાપિત કરવાનો પ્રયત્ન કરાયો હોય, સંબંધમાં ક્યાંક તણાવ કે ગેરસમજની સંભાવના ઊભી થઈ હોય, વ્યક્તિગત બાબતની અપેક્ષાએ સામૂહિક બાબતોનું મહત્ત્વ સમજાયું હોય તો માફી માંગવી જોઈએ. માફી એટલે પરાજય નહીં પણ સામૂહિક વિજયની સંભાવના માટેનું કદમ. માફી યોગ્ય સમય મંગાવી જોઈએ; આજકાલ અમુક રાજનેતાઓને જે આદત પડી ગઈ છે તે પ્રમાણે, અદાલતમાંથી આદેશ મળે ત્યારે નહીં.

એમ જણાય છે કે માફી માગવાનો અધિકાર સૌને હોય, પણ આ અધિકાર હકીકતમાં તેને જ પ્રાપ્ય હોય જે પ્રમાણિકતાથી શુદ્ધ અંત:કરણના અવાજ તરીકે માફી માંગવા પ્રતિબદ્ધ હોય. આમ તો માફી બધાં જ માંગી શકે, પણ જે માંગવામાં આવે છે તે હકીકતમાં માફી છે કે નહીં તે સમજવું પડે. જ્યાં ભૂલનો હૃદયથી સ્વીકાર કરાયો ન હોય, માત્ર વચગાળાના સમય માટે મતભેદ દૂર કરવાની ઈચ્છા હોય, હજુ પણ સ્થૂળ કે સૂક્ષ્મ સ્વાર્થ છુપાયેલો હોય, ખરેખર સુધારાપૂર્વકના બદલાવની તૈયારી ન હોય, માફી પાછળ પણ મેન્યુપલેશન - પ્રપંચનો ભાવ હોય, માફી એક શબ્દ કે સામાજિક વ્યવહાર માત્ર હોય, વારંવાર માફી માંગવાની આદત હોય, માફી માંગવાની તૈયારી સાથે ભૂલ કરાતી હોય ત્યાં માફી માંગવાનો અધિકાર નથી હોતો.

જો માફી માંગવાની પ્રક્રિયા આદત બની જાય તો કેટલાંક નકારાત્મક પરિણામો સ્થાપિત થઈ શકે. આવાં સંજોગોમાં વ્યક્તિનું અવમૂલ્યન થાય, સમાજ તેનાં પર વિશ્વાસ ઓછો મૂકે અને તેની છબી ‘અપ્રમાણિક-ખોટી’ વ્યક્તિ તરીકે સ્થાપિત થતી જાય. તેવી વ્યક્તિને સમાજ ધીમે ધીમે ગંભીરતાથી લેવાનું બંધ કરે અને તેની વાતો તથા વર્તનને નજરઅંદાજ કરવાં માંડે. તે વ્યક્તિની વ્યક્તિગત છબી તો ખરડાય પણ સાથે સાથે તેનાં સામાજિક સમીકરણોને પણ નુકસાન પહોંચે. વારંવાર માફી માંગવાની પ્રક્રિયાથી ‘ગેરજવાબદાર’ની છાપ બંધાય. કોઈપણ વ્યક્તિ માટે આ બધી નકારાત્મક બાબત ગણાય. વળી, જ્યારે વ્યક્તિના વર્તનમાં બદલાવ ન દેખાય ત્યારે તે માફી દંભ છે. માફી માંગ્યા પછી તે જ ભૂલનું પુનરાવર્તન થાય તો તે અક્ષમ્ય બાબત છે. પસ્તાવા સ્વરૂપે નહીં પરંતુ જ્યારે પરિસ્થિતિથી બચવા માટે માફી માંગી લેવામાં આવે ત્યારે તે વિશે સમાજે જાગ્રતતા રાખવી પડે. જ્યારે માફી પાછળ કોઈ બહાનું છુપાયેલું હોય કે અન્ય વ્યક્તિ પર દોષારોપણ થતું હોય તો તે માફી નથી પરંતુ કપટ છે.

હમણાં એક પ્રકારનું વલણ વધુ દેખાય છે. સંસ્કૃતિનું સતત અપમાન કર્યા પછી ‘પેચઅપ’ કરવાં કોઈ પ્રચલિત ધર્મ ગુરુની સાથે ફોટો સેશન રાખવામાં આવે છે. આતંકી દેશના કલાકારોને સતત મંચ આપ્યા પછી એકાએક ત્યાં જઈને ‘તમે અમારા કલાકારોને બોલાવતા નથી’, તેમ કહીને ભ્રમ ઊભો કરવાનો પ્રયત્ન થાય છે. દેશ વિરોધી તાકતોને કવર-અપ કર્યા પછી દેશપ્રેમનું કોઈ વિધાન વહેતું કરાય છે. સનાતનની ધાર્મિક પરંપરાની મજાક કર્યા પછી, કોઈ સામાજિક સ્તરે પ્રશંસા પામે તેવું ચલચિત્ર રજૂ કરી દેવાય છે. આતંકવાદને હાલાતની ‘મજબૂરી’ દર્શાવી પ્રોત્સાહન આપનાર વ્યક્તિ જ્યારે પહેલગામનાં ત્રાસવાદી હુમલાની ટીકા કરે ત્યારે દુ:ખદ હાસ્ય ઉભરે. અહીં પશ્ચાતાપનો ભાવ કશે જ નથી હોતો. અહીં તો ‘સો ચુહે માર કે બિલ્લી હજ કો અચકો ચલી’ જેવો ઘાટ હોય છે. પ્રશ્ન અને ચિંતા એ છે કે સમાજનો મોટો ભાગ આવી બાબતો માટે સંવેદનશીલ નથી દેખાતો.




**જો માફી માંગવાની પ્રક્રિયા આદત બની જાય તો કેટલાંક નકારાત્મક પરિણામો સ્થાપિત થઈ શકે. આવાં સંજોગોમાં વ્યક્તિનું અવમૂલ્યન થાય, સમાજ તેનાં પર વિશ્વાસ ઓછો મૂકે અને તેની છબી ‘અપ્રમાણિક-ખોટી’ વ્યક્તિ તરીકે સ્થાપિત થતી જાય**

જ્યારે પણ માફીની - પ્રાયશ્ચિતની - પશ્ચાતાપની વાત આવે અને જેસલ જાડેજાને યાદ કરવામાં ન આવે તો તે એક સાત્વિક વિચારધારાને અન્યાય કહેવાય. જ્યારે સતી તોરલ કહે કે ‘પાપ તારું પરકાશ જાડેજા’ ત્યારે જેસલ જાડેજો પોતાની આખી કુંડળી ખોલી નાખે. આ પ્રાયશ્ચિત એટલું પ્રબળ હોય કે જીવન જાણે નવેસરથી આધ્યાત્મિકતાના માર્ગ પર આગળ વધે. માનવ ઈતિહાસની આ કોઈ સામાન્ય ઘટના નથી. માફીનું, પ્રાયશ્ચિતનું, પશ્ચાતાપનું મહાત્મ્ય અહીં સ્પષ્ટ થાય છે. જેસલ જાડેજાની પોતાનાં ગુનાઓની પૂરેપૂરી સ્વીકૃતિ હતી, પોતાનાં ગુનાઓ માટે પીડા હતી અને સાથે પુરેપુરા બદલાવની તૈયારી હતી. પછી તો અકલ્પનીય પવિત્ર, શુદ્ધ, સાત્વિક પરિણામ મળે. સાંપ્રત સમયે તો માફી પણ જાણે પ્રપંચનો એક ભાગ હોય છે. ●